રાષ્ટ્રપતિ મેડલ મેળવનાર અમિતકુમાર વિશ્વકર્માને સ્ટાફે શુભેચ્છા પાઠવી



# સેક્ટર-૧૧માં પોલીસની ટ્રાફિક ઝુંબેશ

ગાંધીનગર, તા.૨૦

શહેરના વાણિજય વિસ્તાર તરીકે પ્રસ્થાપિત થયેલા સે-૧૧ ખાતે ટ્રાફીકને લગતી પુષ્કળ ફરિયાદો રોજેરોજ ઉઠે છે. અગાઉ પણ પોલીસે ટ્રાફીક ડ્રાઈવ રાખીને દબાણકર્તા અને આડેધડ વાહન પાર્ક કરીને ચાલ્યા જતાં વાહનચાલકો સામે દંડનીય કાર્યવાહી કરી છે. આજે પણ પોલીસે સે-૧૧ના કોમર્શીયલ કોમ્પ્લેક્ષો સામે સપાટો બોલાવ્યો હતો. દબાણકર્તા અને ટ્રાફીક માટેનાં મુખ્ય પરિબળો ગણાતા લારી ગલ્લા ઉપાડી લેવડાવી પોલીસે તમામ લારી ગલ્લા ધારકો સામે ગુનો દાખલ કરી દંડ ફટકાર્યો છે. તો બીજી તરફ આડેધડ વાહન પાર્ક કરીને ચાલ્યા ગયેલા ચાલકો સામે પણ કડક દંડનીય કાર્યવાહી કરવામાં આવતા આજે સે-૧૧નો સમગ્ર વિસ્તાર ચોખ્ખો ચણાંક અને તદન ટ્રાફીક ફ્રી જોવા મળ્યો હતો.

ગાંધીનગર શહેરના માર્ગો પર જયાં જુઓ ત્યાં લોકો આડેધડ પાર્કિંગ કરે છે તો બીજી તરફ ગલ્લા ધારકો માર્ગો પર અડીંગો જમાવીને બેસી ગયા છે. પરિણામે અન્ય વાહન ચાલકોને તકલીફ ભોગવવી પડે છે. નગરના વાણિજય કોમ્પ્લેક્ષો સે-૧૧, ઘ-૪ થી ઘ-૫, ૧૭-૨૨ વિસ્તાર સહિત સે-૧૧ અને ૨૪માં પણ ટ્રાફિક જામના દૃશ્યો સર્જાય છે. શહેર પોલીસ દ્વારા ટ્રાફિક અવેરનેસના અનેક કાર્યક્રમો કરવામાં આવે છે. છતાં શહેરના શિક્ષિત વાહનમાલિકો આડેધડ વાહન પાર્કિંગ કરી ટ્રાફિક અડચણ ઉભી કરે છે જેથી અન્ય વાહનચાલકોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડે છે. આજે સેકટર-૧૧માં રસ્તા વચ્ચે અડચણરૂપ પાર્ક કરેલા વાહન ચાલકો અને ગલ્લા ધારકો સામે પોલીસે દંડનું શસ્ત્ર ઉગામતા વાહનચાલકોમાં સોંપો પડી ગયો હતો. પોલીસ દ્વારા આગામી દિવસોમાં પણ શહેરના વિવિધ વિસ્તારોમાં અડચણરૂપ વાહનો અને ગલ્લા હટાવી તેના માલિકો સામે દંડનીય ઝુંબેશ ચાલુ રાખવામાં આવશે.



## @ગાંધીનગર

● સે-૨ સ્વામિનારાયણ મંદિર ખાતે દિવાસળીના હિંડોળા સાંજે ૪-૦૦ કલાકે યોજાશે.

● શ્રીમાળી બ્રાહ્મણ સમાજ દ્વારા શિવરૂદ્રાભિષેક તેમજ શિવ મહિમ્ના પાઠ આજે ભૂપેન્દ્રભાઈ કે. દવેના નિવાસસ્થાને પટેલવાસ, રાયસણ ખાતે રાત્રે ૮.૩૦ કલાકે યોજાશે.

● શિવ મહિમ્ન પાઠ અમિતભાઈ ભટ્ટના નિવાસસ્થાને ૧૧/૪, છ ટાઈપ પંચવટીની સામે રાત્રે ૯ થી ૧૦ કલાક દરમિયાન યોજાશે.

● પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે શિવ મહિમ્ન પાઠ અને સ્તુતિ વંદના આનંદ નિતીનભાઈ જોષીના નિવાસ સ્થાને ૧૩૭/૧૨ બી-૧ ટાઈપ ખાતે રાત્રે ૯ થી ૧૦ કલાક દરમિયાન યોજાશે.

● સંસ્કૃતિ સંસ્થા દ્વારા ટાઉનહોલ ખાતે રાત્રે ૯-૧૫ કલાકે મશહુર હાસ્ય કલાકાર સાંઈરામ દવેનો કાર્યક્રમ યોજાશે.

● સે-૩ રામેશ્વર મંદિર ખાતે ફળફળાદિના હિંડોળા યોજાશે.

- નજાહખાનમ સૈયદ

## ગણતરીના કલાકોમાં જી.પી.એસ.સી.નું પરિણામ જાહેર થશે

### ૧૧ માસના લાંબા સમય બાદ આવનાર વર્ગ ૧-૨ની પ્રાથમિક કસોટીના પરિણામને લઈ ઉમેદવારો આતુર

ગાંધીનગર, તા.૨૦

અસંખ્ય વિવાદોના વમળમાં ફસાયેલી ૧૧ માસ અગાઉ જીપીએસસી દ્વારા લેવાયેલી વર્ગ-૧ અને ૨ની પ્રાથમિક કસોટીનું પરિણામ ટુંક સમયમાં જ આયોગની વેબસાઈટ અને નોટીસ બોર્ડ પર પ્રસિધ્ધ કરવામાં આવશે. જેની ઉમેદવારો આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે ત્યારે જાહેરસેવા આયોગ પરીક્ષાનું પરિણામ જાહેર કરશે કે કેમ તેની ચિંતા પણ ઉમેદવારોને સતાવી રહી છે.

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા રાજયમાં ખાલી પડેલી ગુજરાત વહીવટી સેવા વર્ગ-૧ અને વર્ગ-૨ની કુલ ૩૭૬ જગ્યાઓ ભરવા જાહેરાત પ્રસિધ્ધ કરવામાં આવી હતી અને લાયક ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવી હતી. જેમાં કુલ ૪.૮૫ લાખ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી હતી.

આયોગ દ્વારા વર્ગ-૧ અને વર્ગ-૨ની સંયુકત સ્પર્ધાત્મક પરીક્ષા રાજયના ૨૮ મથકો ખાતે યોજવામાં આવી હતી. પ્રાથમિક કસોટી અંગ્રેજી માધ્યમ અને ગુજરાતી માધ્યમ એમ બે માધ્યમમાં પેપર-૧, પેપર-૨ અને પેપર-૩ એમ ત્રણ પ્રશ્નપત્રો દ્વારા લેવામાં આવી હતી. પરીક્ષાના પેપર બાદ આયોગે કામચલાઉ ધોરણે આન્સર કી મુકી હતી જેમાં અસંખ્ય છબરડા અને ભૂલો સામે આવતા મોટો હોબાળો થયો આથી ઉમેદવારોમાં રોષ જોવા મળ્યો હતો. વારંવાર ભૂલો થતા ઉમેદવારોએ આ મામલે ઉચ્ચ કક્ષાએ રજુઆત પણ કરી હતી તો બીજી બાજુ પરિણામ મુકવામાં થઈ રહેલ વિલંબ મામલે પણ અનેક શંકા થઈ હતી.

પરિણામે લાંબા સમયથી તૈયારી કરતા ઉમેદવારોની મહેનત અને નાણાં પર પાણી ફરી ગયું હતું. ઉમેદવારોએ પરિણામની વાટ જોતા જોતા મુખ્ય પરીક્ષાની તૈયારી પણ કરવાનું બંધ કરી ધંધા વ્યવસાયમાં જોડાઈ ગયા હતા. નવાઈની વાત તો એ છે કે આટલું મોટું જાહેર સેવા આયોગ તંત્ર એક પ્રાથમિક કસોટીનું પરિણામ પ્રસિધ્ધ કરવામાં ૧૧ માસનો સમય લે છે તો આખી મુખ્ય પરીક્ષા અને ઈન્ટરવ્યુ માટે કેટલા વર્ષે લેશે?

આખરે જીપીએસસી તંત્ર દ્વારા ગત તા. ૧૨મી ઓકટોબરના રોજ લેવામાં આવેલી સ્પર્ધાત્મક પ્રાથમિક પરીક્ષાનું પરિણામ તા. ૨૪મી ઓગષ્ટ ૨૦૧૫ સુધીમાં કોઈ પણ સમયે પરિણામ આયોગની વેબસાઈટ www.gpsc.gujarat.gov.in તથા આયોગના નોટીસ બોર્ડ પર મુકવામાં આવશે તેમ છતાં હજુ પણ ઉમેદવારોને પરિણામ આવશે કે કેમ તેની ચિંતા સતાવી રહી છે.

## શહેરના માર્ગો પર રખડતા ઢોરને તંત્ર દ્વારા પાંજરે પુરાયા

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર શહેરમાં રખડતા પશુઓ પકડવાની ઝુંબેશ મનપા દ્વારા હાથ ધરવામાં આવી છે શહેરના સેકટર-૭માંથી પશુઓ પકડવામાં આવ્યા છે. રખડતા પશુઓને કારણે અનેક અકસ્માતો સર્જાય છે. નગરજનો દ્વારા અનેકવાર પશુઓ અંગે ફરિયાદો ઉઠી છે પશુ માલિકો મનપાના પશુ રોડ પર છુટ્ટા નહી મુકવાના આદેશને પણ ઘોળીને પી ગયા છે. માર્ગ પર થતા અકસ્માતોને કારણે મનપાએ પશુ પકડવાની ઝુંબેશ હાથ ધરી છે.

ગાંધીનગર સ્વચ્છ અને સુંદર શહેર તરીકે ઓળખાય છે. શહેરના માર્ગોની પણ આગવી ઓળખ પ્રસ્થાપિત છે. પરંતુ નગરના આ માર્ગો પર વાહન લઈને નીકળતા વાહન ચાલકોને ભયભીત બનીને વાહન હંકારવું પડે છે. કારણ શહેરમાં વસતા પશુમાલિકો દ્વારા પોતાના પશુઓ છુટી મુકી દે છે. પરિણામે રોડ વચ્ચે અચાનક પશુ આવી જતાં અકસ્માતો સર્જાય છે અને વાહનમાં સવાર લોકોને ઈજાઓ પહોંચે છે. મનપામાં આ અંગે જાગૃત નાગરિકોએ અનેકવાર ફરિયાદો કરી છે. નગરના માર્ગો પર નગરજનોની પૈડાવાળી જીંદગી જોખમરૂપ બની છે ત્યારે મનપા દ્વારા ઢોર પકડવાની ઝુંબેશ હાથ ધરી સે-૭ સહિત નવા સેકટરમાંથી ઢોર પકડી પાંજરાપોળમાં મુકી દેવામાં આવ્યા છે. નગરના માર્ગો પર છુટા મુકાતા પશુમાલિકો સામે પણ આકરા પગલા મનપા દ્વારા લેવામાં આવશે. આગામી સમયમાં પણ ઢોર પકડવાની ઝુંબેશ મનપા દ્વારા ચાલુ રાખવામાં આવશે.

## વાતવાતમાં

● ગાંધીનગરના શ્રધ્ધાળુઓની તો વાત જ શી કરવી? એડવોકેટ શંકરસિંહ ગોહિલ, જતીન ખખ્ખર, નરેન્દ્રસિંહ રાઠોડ તથા દેવેન્દ્ર સુખડીયા વગેરેએ હિમાલયમાં ૧૫૦૦૦ ફુટની ઉંચાઈએ જઈને કૈલાસ તથા ઓમ પર્વતના દર્શન કર્યા હતા. કૈલાસ પર્વત સુધીનો ૨૦૦ કિમીનો પર્વતીય માર્ગ તેમણે પગપાળા કાપ્યો હતો.

● રોડ નં. ૨ પર ઘ-૨ થી ગ-૨ તરફના માર્ગે સે-૩/૬ ચોકડી પાસે આજે એક ડમ્પરનું આગળનું ટાયર નીકળી ગયું હતું. આ ડમ્પર સે-૭ના નિકાલ હેઠળના તુટેલા મકાનનો કાટમાળ લઈને જઈ રહ્યું હતું. બે કલાક સુધી ડમ્પર રસ્તા પર પડી રહેતા વાહનચાલકોને ભારે અગવડ વેઠવી પડી હતી.

● હવે તો કોલેજના વિદ્યાર્થીઓ પણ અધ્યાત્મમાં ઉંડો રસ લેતા થઈ ગયાં છે. કડી શિક્ષણ સંકુલની બીબીએ કોલેજની વિદ્યાર્થીનીઓએ સે-૨૮માં બ્રહ્માકુમારીઝની મુલાકાત લીધી હતી અને કૈલાસદીદીના ઉપદેશાત્મક વ્યાખ્યાનનો લ્હાવો પણ લીધો હતો.

- સમીર રામી
9924446645

## કડી સંકુલમાં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૨૦

સેકટર-૨૩ સ્થિત કડી કેમ્પસમાં આવેલ આર.એન. પટેલ પ્રાથમિક શાળા, આર.સી. પટેલ હાઈસ્કૂલ અને એસ.જી. ઈંગ્લિશ મિડિયમ પ્રાથમિક સ્કુલ તેમજ એજયુકેશન વિભાગના સંયુકત ઉપક્રમે સ્વાતંત્ર્ય દિનની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. જાણીતા સાહિત્યકાર કેશુભાઈ દેસાઈના હસ્તે ધ્વજ ફરકાવી ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. ત્રણેય શાળાના વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરાયા હતા.

## આવતી કાલે ખીમજી વિસરામ હોલમાં ડૉ. ભદ્રાયુ વછરાજાનીનું વ્યાખ્યાન યોજાશે

### ‘મા-બાપ તરીકે હું શું કરીશ?’ વિષયે સહ-ચિંતન બેઠક અંતર્ગત વ્યાખ્યાન : સાહિત્યકાર હર્ષદ ત્રિવેદી પણ ઉપસ્થિત રહેશે

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગરના ખ્યાતનામ કડી શૈક્ષણિક સંકુલ દ્વારા સહ-ચિંતન બેઠક અંતર્ગત ‘મા-બાપ તરીકે હું શું કરીશ?’ વિષયે જાણીતા શિક્ષણવિદ અને ઉત્તમ વકતા તથા અદાણી ફાઉન્ડેશનના એજયુકેશન ડાયરેકટર ડૉ. ભદ્રાયુ વછરાજાનીનું વ્યાખ્યાન યોજાશે. આ કાર્યક્રમ તા. ૨૨મી ઓગષ્ટ શનિવારે સવારે ૯ કલાકે કડી કેમ્પસના ખીમજી વિસરામ હોલ ખાતે યોજાશે.

આધુનિક યુગમાં સંતાનોના ઓજસ્વી અને યશસ્વી ઘડતર માટે તેમજ સંસ્કૃતિના પાયાના મૂલ્યોનું જતન અને સંવર્ધન કરવા ડૉ. ભદ્રાયુ વછરાજાનીનું વ્યાખ્યાન ચાવીરૂપ બની રહેશે. આ કાર્યક્રમમાં જાણીતા સાહિત્યકાર હર્ષદ ત્રિવેદીની પણ વિશેષ ઉપસ્થિતિ રહેશે.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા આયોજિત આ સહચિંતન કાર્યક્રમમાં ગાંધીનગરના વાલીને સંતાનોના ઉછેર દરમિયાન ઉદભવતા પ્રશ્નો અંગેની મુંઝવણોમાં માર્ગ મળી રહે તે ઉદ્દેશથી આ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું છે.

## કોર્ટ સામે પાર્કિંગમાં વાહન મુકવાનું કહેતા હોમગાર્ડ પર હૂમલો

### એકટીવા ચાલકે તેના કોન્સ્ટેબલ મિત્રને બોલાવ્યો ને કોન્સ્ટેબલે હોમગાર્ડ સાથે ધોલધપાટ કરતા પોલીસ ફરીયાદ

ગાંધીનગર, તા. ૨૦

શહેરના સેક્ટર-૧૧ ખાતે સ્થિત ડીસ્ટ્રીક્ટ કોર્ટ સંકુલ બહાર સુવ્યવસ્થિત પાર્કીંગ કરાવવા માટે તૈનાત કરવામાં આવેલા હોમગાર્ડ પોતાની ડ્યુટી કરી રહ્યા હતા ત્યારે આડેધડ એકટીવા મુકીને ચાલતા થયેલા ચાલકને એકટીવા પાર્કીંગમાં પાર્ક કરવાનું કહેતા થયેલી બોલાચાલી બાદ એકટીવા ચાલકે તેના કોન્સ્ટેબલ મિત્રને બોલાવી લીધો હતો. કોન્સ્ટેબલે હોમગાર્ડ સાથે ગાળાગાળી કરીને ધોલધપાટ શરૂ કરી દેતા આખરે હોમગાર્ડે ત્રણ સામે પોલીસ ફરીયાદ નોંધાવી છે.

કોર્ટ સંકુલ બહાર વાહન પાર્કીંગની શિરદર્દ સમાન બનેલી સમસ્યાના નિવેડા રૂપે વાહનો પાર્કીંગમાં પાર્ક કરાવવા હોમગાર્ડને તૈનાત કરાયો છે. પેથાપુરનો હોમગાર્ડ રમેશભાઈ નિકુલભાઈ પંડ્યા ડ્યુટી પર હતો ત્યારે સેક્ટર-૬નો યુવાન વિક્રમ સુમેર પરમાર તેનું એકટીવા લઈને આવ્યો ને આડેધડ એકટીવા મુકી દીધુ હતુ. હોમગાર્ડે પાર્કિંગમાં એકટીવા મુકવાનું કહેતા તેની અવગણના કરીને ત્યાં જ એકટીવા મુકીને ચાલ્યો ગયો હતો. વિક્રમ પરત ફર્યો ત્યારે એકટીવામાંથી હવા નિકળી જતાં તેણે હોમગાર્ડ સાથે માથાકુટ કરી બે મિત્રોને બોલાવી લીધા હતા જેમાં એક ગાંધીનગર પોલીસ હેડ ક્વાર્ટરમાં ફરજ બજાવતો કોન્સ્ટેબલ અરવિંદ અમરતલાલ હતો. કોન્સ્ટેબલે હોમગાર્ડ સાથે ગાળાગાળી કરીને મારઝુડ કરતાં હોમગાર્ડે સેક્ટર-૭ પોલીસમથકમાં વાહનચાલક અને કોન્સ્ટેબલ સહિત ત્રણ સામે ફરજ પર ફરીયાદ અને ગાળાગાળી મારઝુડ સંદર્ભે ફરીયાદ નોંધાવતા સે. ૭ પોલીસે તપાસ શરૂ કરી છે.



પ્રોગ્રેસીવ ફાઉન્ડેશન ઓફ હ્યુમન રાઈટ્સ દ્વારા ઈન્ફોસિટી ક્લબ એન્ડ રિસોર્ટ ખાતે ૧૯ ઓગષ્ટે બુધવારે એક પરિસંવાદનું આયોજન ‘વિશ્વ માનવ અધિકાર દિવસ અંતર્ગત કરવામાં આવ્યું હતું. જેમાં માનવ અધિકાર અને સામાજિક ન્યાય વિશે હાજર મહાનુભાવોએ પોતાના વક્તવ્ય આપ્યા હતા.

(તસવીર : કશ્યપ નીમાવત)

## સ્ત્રી રોગ સોનોગ્રાફી કેમ્પ સાનિધ્ય હોસ્પિટલ પેથાપુર ખાતે યોજાયો

ગાંધીનગર, તા.૨૦

પેથાપુર ગામમાં ચાર રસ્તા ઉપર આવેલ સાનિધ્ય મલ્ટીસ્પેશ્યાલિટી હોસ્પિટલમાં (સ્ત્રી રોગ) ગાયનેક સોનોગ્રાફી કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં ૬૦ સ્ત્રીઓએ લાભ લીધો હતો. જેમાં સુવાવડને લગતી, ગર્ભાશયના કેન્સરની, મોનોપોઝ તથા અન્ય સ્ત્રી રોગોની તપાસ થયેલ હતી. આ કેમ્પમાં ડૉ. નિર્મલસિંહ રાઠોડ અને તેમની ટીમના ડોકટરોએ સેવાઓ આપેલ હતી.

તાજેતરમાં સાંનિધ્ય મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલનું ઉદઘાટન થયેલ છે. જેમાં વિવિધ પ્રકારના રોગોની સારવાર આપવામાં આવે છે. પેથાપુરની આજુબાજુના ગામોની નજીક આવેલી આ મલ્ટી સ્પેશ્યાલિટી હોસ્પિટલ ખુલવાથી લોકોનો ખુબ સારો આવકાર સાંપડી રહ્યો છે.

## પાંચ તાલુકા પ્રજાપતિ સમાજની જનરલ સભાનું આયોજન

ગાંધીનગર, તા.૨૦

દહેગામ પાંચ તાલુકા પ્રજાપતિ સમાજ દ્વારા આગામી તા. ૨૩ ઓગષ્ટે સવારે ૯-૦૦ કલાકે વિશ્રાંતિ ભવન-ઉત્કંઠેશ્વર મહાદેવ ખાતે ૨૩મી વાર્ષિક જનરલ સભા યોજાશે. સભામાં પરિવાર કલ્યાણ મંચના લાભાર્થીઓને સહાયનો ચાલુ વર્ષનો પ્રથમ હપ્તો આપવામાં આવશે. સમાજના તમામ સભ્યોએ સભામાં ઉપસ્થિત રહેવા પ્રમુખ નારણભાઈ એસ. પ્રજાપતિએ અનુરોધ કરેલ છે.

## રાષ્ટ્રપતિ મેડલ મેળવનાર અમિતકુમાર વિશ્વકર્માને સ્ટાફે શુભેચ્છા પાઠવી

ગાંધીનગર, તા.૨૦

૧૯૯૮ની બેચના આઈપીએસ અધિકારી અમિતકુમાર વિશ્વકર્મા કે જેઓ હાલ સ્ટેટ ક્રઈમ રેકર્ડ બ્યુરોમાં નાયબ પોલીસ મહા નિરીક્ષક તરીકે ફરજ બજાવી રહ્યા છે તેમને પોતાની ઉમદા અને પ્રશંસનીય કામગીરી બદલ રાષ્ટ્રપતિ મેડલ એનાયત કરવામાં આવ્યું છે. તે બદલ સ્ટાફ દ્વારા તેમનો શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

અમિતકુમાર વિશ્વકર્માએ પોતાની કારકિર્દીની શરૂઆત વલસાડ જિલ્લામાં એએસપી તરીકે કરી હતી. શરૂઆતથી જ ખુબ મહેનતુ અધિકારી અમિતકુમારે એસ.પી. તરીકે આહવા-ડાંગ, વડોદરા-રૂરલ અને ડીસીપી તરીકે અમદાવાદ શહેરમાં ફરજ બજાવી છે. તે દરમિયાન વહીવટી કામગીરી,



કાયદો-વ્યવસ્થા, ગુનાના ડીટેકશનમાં ખુબ જ ઉમદા ફરજ બજાવી છે. એસઆરપી ગ્રુપ-૧માં કમાન્ડન્ટ તરીકે ટ્રેનીંગ, ફેમીલ વેલફેર, બાળકોના એજયુકેશન તેમજ એસઆરપી જવાનો અને તેમના પરીવારનું જીવન ધોરણ ઉંચુ લાવવા અમિતકુમારે સફળ પ્રયાસો કર્યા હતા તે ઉપરાંત છત્તીસગઢ, મધ્યપ્રદેશમાં ચુંટણી દરમિયાન નકસલાઈટ વિસ્તારમાં સ્થાનિક પોલીસ સાથે રહીને ખુબ જ ખંતપૂર્વક પોતાની ફરજ અદા કરી હતી. ડીઆઈજી પ્રીઝન તરીકે જેલ વહીવટમાં સુધારણા તેમજ જેલ મેન્યુઅલમાં સુધારા કરવા માટે તેમનો મોટો ફાળો રહ્યો છે. ગુજરાત પોલીસ માટે ખુબ જ અગત્યનો ગણાતો ઈ ગુજકોપ પ્રોજેકટને પોલીસ સ્ટેશન લેવલે અસરકારક અમલીકરણ કરાવવામાં પણ ડીઆઈજી એસ.સી.આર.બી. તરીકે સફળ કામગીરી કરી છે. હાલ અમિતકુમાર વિશવકર્મા ઈ-ગુજકોપ પ્રોજેકટને સમગ્ર પોલીસ વિભાગમાં સફળ થાય તે મુજબના તમામ પ્રયાસો કરી રહ્યા છે. રાષ્ટ્રપતિ મેડલ મેળવનાર ડીઆઈજી અમિતકુમાર વિશ્વકર્માને આજે સ્ટેટ ક્રાઈમ રેકર્ડ બ્યુરોના સ્ટાફ દ્વારા શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

## અનુસૂચિત જનજાતિના યુવક-યુવતિઓ માટે ખડક ચઢાણ બેઝિક કોર્સનો તાલીમ કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૨૦

રાજયના ૧૫ થી ૩૫ વર્ષની વય ધરાવતા અનુસૂચિત જનજાતિના યુવક-યુવતિઓ માટે વિનામૂલ્યે ખડક ચઢાણ બેઝિકનો ૧૦ દિવસનો તાલીમ કોર્સ માઉન્ટ આબુ ખાતે યોજાનાર છે. યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા સંભવત ઓક્ટોબર-૨૦૧૫માં યોજાનાર કાર્યક્રમમાં ૧૦૦ યુવક-યુવતિઓને ભાગ લેવાની તક આપવામાં આવશે.

કાર્યક્રમમાં ભાગ લેવા માંગતા માત્ર અનુસૂચિત જનજાતિના યુવક યુવતિઓ કે જેઓ તા. ૧-૮-૨૦૧૫ના રોજ ૧૫ થી ૩૫ વર્ષની વયમર્યાદા ધરાવતા હોય તેઓએ તા. ૧૫-૯-૨૦૧૫ સુધીમાં જિલ્લા રમતગમત અધિકારી, શીવશક્તિ બિલ્ડીંગ, જિલ્લા પંચાયત સામે, પાલનપુર, જિ. બનાસકાંઠા-૩૮૫૦૦૧ને વિગતો સાથેની અરજી મોકલી આપવાની રહેશે.

અરજીમાં પોતાનું પુરૂનામ, સરનામું (ફોન-મોબાઈલ નંબર સાથે) (આધાર કાર્ડ/ રાજ્ય કે કેન્દ્ર સરકાર, શાળા / કોલેજ દ્વારા અપાયેલ ફોટા સાથેના ઓળખકાર્ડની પ્રમાણિત નકલ, રહેઠાણના પુરાવા તરીકે રેશનકાર્ડ, લાઈટ બીલ, ગેસ બીલ ટેલીફોન બીલની પ્રમાણિત નકલ સામેલ કરવી. જન્મ તારીખનો પુરાવો (જન્મ તારીખના પ્રમાણપત્ર, શાળા છોડ્યાના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ અચૂક સામેલ કરવી.) પર્વતારોહણ, રમત ગમત સ્પર્ધામાં ભાગ લીધો હોય તો તેની વિગત, અગાઉ આ પ્રકારના કાર્યક્રમમાં ભાગ લીધો હોય તો તેની વિગત, શારીરિક તંદુરસ્તીનું તબીબી પ્રમાણપત્ર, અનુસૂચિત જનજાતિ અંગેના દાખલાની નકલ, તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ, વાલીનો સંમતિપત્ર અને શૈક્ષણિક લાયકાત સાથેની વિગતો આપવાની રહેશે. પસંદગી થયેલા યુવક-યુવતિઓને જાણ કરવામાં આવશે, તેમ કમિશનર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે.

# શ્રાવણમાં ચાર પ્રહરની પૂજા દ્વારા શિવ આરાધના

## ગાંધીનગરમાં સે-૩ના રામેશ્વર મહાદેવ ખાતે ૨૪મીએ ચાર પ્રહરની પૂજા યોજાશે

ગાંધીનગર, તા.૨૦

પવિત્ર શ્રાવણ માસમાં શ્રધ્ધાળુઓથી નગરના શિવમંદિરો ભકિતનાદથી ગુંજી રહ્યાં છે. શિવ ભકિતના આ પાવન દિવસોમાં ચાર પ્રહરની શિવપૂજાનું પણ અનેરું મહત્વ છે. ગાંધીનગરમાં તા. ૨૪મી ઓગષ્ટે સેકટર-૩ ખાતે ચાર પ્રહર શિવપૂજા યોજાનાર છે.

વેદોમાં શિવ યોગને શ્રેષ્ઠ દર્શાવાયો છે જે પાંચ પ્રકારનો છે. શિવજ્ઞાન, શિવ ભકિત, શિવ ધ્યાન, શિવ વ્રત. આ ચાર ભેદ શિવપૂજાના પ્રમુખ અંગ હોવાના કારણે શિવપૂજા એ સાચા અર્થમાં શિવ યોગ છે. જે શ્રધ્ધાળુ શિવપૂજામાં અભિમુખ થાય છે તે મહાસુખ અને મોક્ષ પ્રાપ્તિનો અધિકારી બને છે. દિક્ષા, દાન, તપ, તીર્થ, હવન, યોગાદિ કર્મની ક્રિયાઓનું ફળ શિવ પૂજનના ફળના સોળમાં ભાગના ફળની બરોબર નથી. પવિત્ર શ્રાવણ માસમાં શિવની આરાધના કેમ ચુકાય? હિન્દુ ધર્મના સાધુઓ, સંતો, વિદ્વાનો,



જયોતિષાચાર્યો, પીઠાધિકારીઓ અને મહામંડલેશ્વરોનું કહેવું છે કે આ પાવન માસમાં સર્વ કાર્યો કોરાણે મુકી શિવ આરાધનામાં માસ પૂર્ણ કરવો જોઈએ.

શિવ પૂજા માટે શ્રાવણ માસમાં રાત્રિના સમયે કરાતી ચાર પ્રહર પૂજા ખુબ આધ્યાત્મિક મહત્વ ધરાવે છે. અમદાવાદના ગોમતીપુર ખાતે ચિંતન વ્હાલા આશ્રમ દ્વારા શ્રાવણ માસમાં ચાર પ્રહર શિવ પૂજા યોજવામાં આવે છે. આ વર્ષે ગાંધીનગર ખાતે પણ તા. ૨૪મી ઓગષ્ટે સે-૩માં ચાર પ્રહર પૂજાનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. ચાર પ્રહર પૂજા દ્વારા પિતૃદોષ, નાગદોષ, ગ્રહ નક્ષત્ર દોષો વગેરેનું નિવારણ થાય છે. સંતાન-લગ્ન, વેપાર-રોજગાર, ઉન્નતિ, ક્ષત્રુ, લક્ષ્મી પ્રાપ્તિ વગેરે કાર્યોમાં સફળતા મળે છે. ચાર પ્રહર પૂજા રાત્રિના ચારેય પ્રહર દરમિયાન અલગ અલગ સમયે અલગ અલગ રીતે કરવામાં આવે છે.

## સિસિકા દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરાશે

સિનિયર સિટિઝન કાઉન્સિલ દ્વારા આગામી ઓકટોબર માસની માસિક સભા દરમિયાન તેજસ્વી તારલાઓનું સન્માન કરવામાં આવનાર છે. દર વર્ષે વિવિધ ક્ષેત્રોમાં ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરી સિધ્ધી મેળવનાર વિદ્યાર્થીઓને ઈનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવે છે. શૈક્ષણિક વર્ષ ૨૦૧૪-૧૫માં ઉચ્ચ ગુણાંક સાથે ઉત્તીર્ણ થનાર બી.ઈ.(સિવિલ), બી. (આર્ક) અને એમબીબીએસના વિદ્યાર્થીઓએ માર્કશીટ કાર્યાલય ખાતે ૧૫મી સપ્ટેમ્બર સુધીમાં મોકલવા અનુરોધ કરવામાં આવ્યો છે.

## ચિરવિદાય

- સ્વ. સ્વરણસિંગ સીન્ધુ, ઉ.વ. ૭૦, પ્લોટ નં. ૬૬૧/૨, ડિફેન્સ કોલોની, સેકટર-૩૦, ગાંધીનગર.
- સ્વ. માલાભાઈ ખેતાભાઈ મકવાણા, ઉ.વ.૧૮, મુ.છાલા, તા.જી. ગાંધીનગર.